મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

G NEWS ગરવી તાકાત LIVE

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

૦૮-૦૬-૨૦૨૫
રવિવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૫૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કોંગ્રેસ પણ સક્રિય : ભાજપે નેતાઓની ફૌજ ઉતારી, સોમવારે પાટીલનો ૪૮ કલાકનો મુકામ હોવાનો સંકેત : વિકાસની લાલચ અને ધમકી : બેધારા શસ્ત્રનો ઉપયોગ

# વિસાવદરમાં 'આપે' માહોલ જાળવવા ભાજપે માહોલ બનાવવા જોર લગાવ્યું

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

ગુજરાતમાં કડી અને વિસાવદરની યોજાઈ રહેલી પેટા ચૂંટણીમાં હવે પ્રચારનો રંગ જામ્યો છે અને આગામી દિવસોમાં વરસાદના મંડાણ થાય તે પૂર્વે જ વધુને વધુ ગ્રામ્ય વિસ્તારમાં પ્રચાર માટે આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસે ગતિ વધારી દીધી છે.

અને ત્રણેય પક્ષના પ્રદેશથી લઈ રાષ્ટ્રીય કક્ષાના કેટલાક નેતાઓ આગામી સપ્તાહે વિસાવદરનો પ્રવાસ કરે તેવા સંકેત છે. સામાન્ય રીતે પેટા ચૂંટણી એ શાસક પક્ષની તરફેણમાં હોય છે.

પરંતુ પ્રથમ વખત વિસાવદરમાં આમ આદમી પાર્ટીએ જે રીતે માહોલ બનાવી લીધો છે તેનાથી ભાજપ માટે પોતાનો માહોલ બનાવવા પૂરી મહેનત કરી રહી છે અને અડધી સરકાર તેમજ પુરૂ સંગઠન વિસાવદરમાં હાલ પ્રચારમાં જોડાઈ ગયું છે. ગઈકાલે જ ગુજરાત ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર વિસાવદરના પ્રવાસે જઈ આવ્યા અને તેઓએ કેટલીક વ્યવસ્થાઓ ચકાસી હતી.

આવતીકાલે કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવીયા વિસાવદરમાં પ્રચાર કરશે અને સોમવારે પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ વિસાવદરમાં ચૂંટણી વ્યવસ્થા અને પ્રચારમાં લગભગ ૪૮ કલાક સુધી રોકાશે.




સુત્રોના જણાવ્યા મુજબ વિસાવદર અને તેની આસપાસના ગીર પંથકના રીસોર્ટ પણ ધમધમવા લાગ્યા છે અને કેટલાક રાજકીય નેતાઓ દિવસભર પ્રચાર કર્યા બાદ રાત્રીના આરામ માટે રીસોર્ટ ચાલ્યા જાય છે.

આમ આદમી પાર્ટીના ઉમેદવાર ગોપાલ ઈટાલીયાએ દોઢ માસ પૂર્વે જ વિસાવદરમાં મૂકામ કર્યો હતો અને તેઓએ આ પંથકને બે વખત ખુંદી લીધો છે. તેમની મુખ્ય પ્રચાર થીમ વિસાવદરને લડાયક ધારાસભ્ય મળે તે છે.

અત્યાર સુધી જે કાંઈ ચૂંટાણા તે પક્ષ પલ્ટા સિવાય કશું કર્યું નથી ત્યારે ભાજપના ઉમેદવાર ચૂંટાઈ તો પણ તેઓ જુનાગઢમાં જોવા મળશે

**આપ દ્વારા અગાઉ જ વિસાવદરને ખેડી નખાયું છે: હવે મતની વાવણી બાદ જીતની ફસલ ઉગી નીકળશે તેવો વિશ્વાસ: ઈટાલીયા આક્રમક: અરવિંદ કેજરીવાલ ફરી એક વખત તા.૧૫ અથવા ૧૬ના રોજ વિસાવદર આવે તેવી શકયતા**

તેવો પ્રચાર કરી રહ્યા છે અને એક વખત આપના વડા અરવિંદ કેજરીવાલ અહીં પ્રચાર કરી ગયા બાદ હવે તા.૧૫ અથવા ૧૬ના રોજ ફરી એકવખત વિસાવદરમાં પ્રચાર કરવા પહોંચે તેવી ધારણા છે.

બીજી બાજુ કોંગ્રેસ પક્ષે પણ મહેનત શરૂ કરી છે અને યુવા કોંગ્રેસના કાર્યકર્તાઓ આ મત વિસ્તારમાં પ્રચાર કરી રહ્યા છે. કોંગ્રેસના કીરીટ રાણપરીયા લોકલ ઉમેદવાર છે પણ તેમને સંગઠનમાં ભાજપ કે આક્રમકતામાં આપ જેવો માહોલ નથી.

જોકે પરેશ ધાનાણી અને ઈન્દ્રનીલ રાજયગુરૂ પુરી તાકાતથી માહોલ બનાવવા કોશીષ કરી રહ્યા છે પણ પ્રથમ વખત પેટા ચૂંટણીમાં ભાજપને આટલી મહેનત કરવી પડે તે પણ દર્શાવે છે.

કે વિસાવદરમાં સ્થિતિ રસપ્રદ છે. સુત્રોના જણાવ્યા મુજબ વિસાવદરમાં ભાજપે વિકાસના વચનોની હેલી સર્જી છે. અને સાથોસાથ એ પણ સંદેશો આપી રહી છે કે ભાજપના ઉમેદવાર નહીં ચૂંટાય તો વિકાસને બ્રેક લાગી જશે.

---

મહેસાણા ખાતે જનરલ, ખર્ચ અને પોલીસ ઓબ્ઝર્વર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં નોડલ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક

# જનરલ ઓબ્ઝર્વરે તૈયારીઓની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી ચૂંટણીલક્ષી કામગીરીની તમામ બાબતો અંગે અધિકારીઓને માર્ગદર્શન આપ્યા

**જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી સંદર્ભે કરાયેલ આયોજન અને તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કરતા ઓબ્ઝર્વરો**

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

આજરોજ કલેકટર કચેરી, મહેસાણા ખાતે ૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી -૨૦૨૫ અન્વયે જનરલ ઓબ્ઝર્વરશ્રી અવનિશ કુમાર શરણ, ખર્ચ ઓબ્ઝર્વર સુધા કોરીવી અને પોલીસ ઓબ્ઝર્વરશ્રી અનિલ કુમાર તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિની ઉપસ્થિતિમાં નોડલ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. જેમાં ચૂંટણીલક્ષી કામગીરીની સર્વગ્રાહી સમીક્ષા હાથ ધરવામાં આવી હતી.



ઓબ્ઝર્વરશ્રીઓએ ૨૪-કડી (અ.જા.) વિધાનસભાની ભૌગોલિક માહિતી, બેઠકમાં મતદાન કેન્દ્રોની સંખ્યા, વિશિષ્ટ મતદાન બુથો, મતદારોની સંખ્યા, મતદાન દર, ખર્ચ નિરીક્ષણ, કંટ્રોલ રૂમ, મતદાર જાગૃતિ અર્થે સ્વીપની કામગીરી, ચૂંટણી ફરજ માટે નિયુક્ત સ્ટાફ, ફલાઈંગ સ્કવોડ, એસ.એસ.ટી, વી.એસ.ટી., ચેક પોસ્ટની વિગતો, એમ.સી.સી. સહિતની ચૂંટણી સંબધિત તમામ તૈયારી અંગે પ્રેઝન્ટેશનના માધ્યમથી ચૂંટણીલક્ષી આયોજનની તલસ્પર્શી વિગતો મેળવી હતી.

જનરલ ઓબ્ઝર્વરશ્રીએ ચૂંટણી ફરજો માટે નિયુક્ત કરાયેલા જુદી જુદી સમિતિઓના નોડલ અધિકારીશ્રીઓ પાસેથી તેમના દ્વારા કરવામાં આવેલી કામગીરી તેમજ જરૂરી તૈયારીઓની ઝીણવટપૂર્વક સમીક્ષા કરી ચૂંટણીલક્ષી તમામ બાબતો અંગે અધિકારીઓને માર્ગદર્શન-સૂચના આપ્યા હતા.

વધુમાં તેમણે ચૂંટણી સંદર્ભે પ્રિવેન્ટીવ ડિટેન્શન, ચેક પોસ્ટસ, ક્રિટીકલ મતદાન મથકો સહિત મતદાન મથકો પરનાં બંદોબસ્ત, ચૂંટણી સંદર્ભે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની તૈયારીઓ, ઈવીએમ કમિશનિંગ, ઈ.વી.એમ. સ્ટ્રોંગ રૂમ મોનીટરીંગ, સ્ટેટિક સર્વેલન્સ ટીમની સંખ્યા અને સ્થળો, વેબ કાસ્ટિંગ, મીડિયા મોનીટરીંગની કામગીરી, ચૂંટણી સ્ટાફની તાલીમ, કંટ્રોલ રૂમ, પોલિંગ સ્ટાફ, પોસ્ટલ બેલેટ અને દિવ્યાંગજન સહિતનાં મતદાતાઓ માટે થયેલા આયોજન અને કામગીરીની વિસ્તૃત વિગતો મેળવી હતી.

આ તકે ઓબ્ઝર્વરશ્રીઓએ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા ચૂંટણી સંદર્ભે કરાયેલ આયોજન અને તૈયારીઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ બેઠકમાં ખર્ચ નોડલ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ. હસરત જૈસમીન, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી તરુણ દુગ્ગલ, નિવાસી અધિક કલેકટરશ્રી જે. કે. જેગોડા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી વિવેક બારહટ, ૨૪- કડી વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી આશિષ મિયાત્રા તેમજ ચૂંટણીલક્ષી કામગીરી માટે નિમાયેલા નોડલ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

૧૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ લાંઘણજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી

# મહેસાણામાં ૧૭ વર્ષીય પુત્રી પર દુષ્કમર્મ આચારનાર નરાધમ પિતાને આજીવન કેદની સજા ફટકારતી કોર્ટ

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

મહેસાણાની એક આયુર્વેદિક કોલેજમાં બાગ-બગીચાની જાળવણીનું કામ કરતા પરિવારમાં પિતાએ પોતાની ૧૭ વર્ષીય પુત્રી પર દુષ્કર્મ આચર્યાનો કિસ્સો સામે આવ્યો હતો. આરોપી પિતાને કોર્ટે આજીવન કેદની સજા ફટકારી છે.

ઉત્તર પ્રદેશના વતની આ પરિવારમાં પિતા-પુત્ર બાગની જાળવણીનું કામ કરતા હતા. સગીરા પુત્રી કોલેજ પાસેની ઓરડીમાં રહીને રસોઈનું કામ કરતી હતી. ૧૯ માર્ચ ૨૦૨૩ના રોજ પિતાએ ઓરડીમાં પુત્રી પર દુષ્કર્મ આચર્યું હતું.

એક વર્ષ બાદ સગીરાને પેટમાં દુખાવો થતાં સરકારી દવાખાને લઈ જવાઈ હતી. તપાસમાં તે ગર્ભવતી હોવાનું જાણવા મળ્યું હતું. ભાઈના પૂછવા પર સગીરાએ પિતાના કૃત્યની કબૂલાત કરી હતી. આરોપીએ અગાઉ પણ શારીરિક અડપલાં કર્યા હોવાનું



અને માતાને મારી નાખવાની ધમકી આપી હોવાનું બહાર આવ્યું હતું.૧૨ એપ્રિલ ૨૦૨૪ના રોજ લાંઘણજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

સરકારી વકીલ રેખાબેન જોષીએ ૩૫ દસ્તાવેજી પુરાવા અને ૧૨ સાક્ષીઓની જુબાની રજૂ કરી કરતાં કોર્ટે પોક્સો કલમ ૪(૨) હેઠળ આજીવન કેદ અને રૂ.૧૦ હજાર દંડ, કલમ ૬ હેઠળ આજીવન કેદ અને રૂ.૫ હજાર દંડ તથા ઁઝ કલમ ૫૦૬(૨) હેઠળ બે વર્ષની કેદ અને રૂ.૧ હજાર દંડની સજા ફટકારી. વધુમાં, પીડિતાને રૂ.૫ લાખનું વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે.

---


આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટ્રક અને માલસામાન બળીને ખાખ

# કડી નજીક નર્મદા કેનાલના સર્વિસ રોડ પર પ્લાસ્ટીકના દાણા ભરેલી ટ્રકમાં આગ લાગતાં અફરા તફરી મચી

(ગરવી તાકાત) કડી તા.૭

કડી તાલુકાના રંગપુરડા ગામની સીમમાં મુખ્ય નર્મદા કેનાલના સર્વિસ રોડ પર શનિવારે બપોરે એક ગંભીર ઘટના સામે આવી છે. પ્લાસ્ટિકના દાણા ભરેલી ટ્રકમાં અચાનક આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી.

કડી તાલુકાના કરણનગર વાયર જંકશનથી બે મુખ્ય નર્મદા કેનાલના ફાંટા પડે છે. એક સૌરાષ્ટ્ર તરફ જાય છે અને બીજો ઉત્તર ગુજરાત તરફ જાય છે. ઉત્તર ગુજરાત તરફ જતી કેનાલ રંગપુરડા ગામની સીમમાંથી પસાર થાય છે.



બપોરના સમયે કેનાલના સર્વિસ રોડ પરથી પસાર થઈ રહેલી પ્લાસ્ટિકના દાણા ભરેલી ટ્રકમાં અચાનક આગ લાગી. આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ટ્રક અને તેમાં રહેલો માલસામાન બળીને ખાખ થઈ ગયો. આગના કારણે રોડ પરના વાહનો થંભી ગયા હતા.

દૂર સુધી દેખાતા આગના ગોટેગોટાને કારણે લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે એકત્ર થયા હતા. કડી નગરપાલિકાના ફાયર ફાઈટરોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબ? મેળવવાની કામગીરી શરૂ કરી. ટ્રક ચાલકનો આબાદ બચાવ થયો હતો.

---

મહેસાણા- અમદાવાદ હાઈવે પર દિતાસણ ગામ નજીક

# ઈકો કારનું ટાયર ફાટતાં આઈસર ટ્રકની સાથે ધડાકાભેર અથડાઈ

**અકસ્માતમાં ઈકો કાર ચાલનું ઘટના સ્થળે જ કરૂણ મોત**



(ગરવી તાકાત) મહેસાણા તા.૭

મહેસાણા-અમદાવાદ હાઈવે પર દીતાસણ ગામ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. ઈકો કારનું ટાયર ફાટતા ડ્રાઈવરે કાર પરનો કાબૂ ગુમાવ્યો હતો. કાર રોડની સામેની સાઈડમાં જતી આઈસર ટ્રક સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ઈકો કારના ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.

સ્થાનિક ધારાસભ્ય મુકેશ પટેલ કડી તરફ પ્રચાર અર્થે જઈ રહ્યા હતા. ત્યારે તેમને અકસ્માતની જાણ થઈ હતી. તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મુકેશ પટેલ અને સ્થાનિક લોકોએ મળીને મૃતક કાર ચાલકને વાહનમાંથી બહાર કાઢવાની કામગીરી કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

વધુ કાર્યવાહી માટે તેને મહેસાણા શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપાયો

# મહેસાણા એસઓજીએ ઉનાવા પોલીસ મથકના વોન્ટેડ આરોપીને દેલા વસાહતમાંથી પકડી પાડ્યો

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

મહેસાણા એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતા. આ દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ મહેશકુમાર દેવજીભાઈ અને ગોવિંદભાઈ ડાહ્યાભાઈને બાતમી મળી હતી.

બાતમી મુજબ, ઉનાવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસનો આરોપી દેલા વસાહત વિસ્તારમાં ફરી રહ્યો હતો. આરોપી સંજયભાઈ સામુભાઈ વાઘરી છે, જે ગાંધીનગર લિંક રોડ, મહેસાણા ખાતે રહે છે. આરોપી લીલા-પીળા રંગનો ડિઝાઈનવાળો શર્ટ અને કાળા રંગનું જીન્સ પહેરેલું હતું.પોલીસે આરોપીને કોર્ડન કરીને પકડી પાડ્યો હતો. તેની સામે BNS કલમ-૧૧૫(૨), ૧૧૮, ૩૫૨, ૫૪ અને જી.પી. એક્ટ કલમ-૧૩૫



મુજબનો ગુનો નોંધાયેલો હતો. આરોપીની BNSS કલમ-૩૫(૧)જે મુજબ અટકાયત કરવામાં આવી છે. વધુ કાર્યવાહી માટે તેને મહેસાણા શહેર એ-ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો છે.




# ખુશીમાં માતમ

બેંગલુરુમાં એમ.ચિન્નાસ્વામી સ્ટેડિયમની બહાર રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (આરસીબી)ની ઐતિહાસિક આઈપીએલ જીતનું જશ્ન જે રીતે એક માતમમાં ફેરવાઈ ગયું, તે સ્તબ્ધ કરનારું અને હૃદયવિદારક પણ છે. ઉલ્લેખનીય છે કે હજારો ઉત્સાહી પ્રશંસકો ટીમના પહોંચવાના કલાકો પહેલાં જ સ્ટેડિયમની બહાર જમા થવા લાગ્યા હતા. સ્ટેડિયમ અંદરથી તો ઠસોઠસ ભરેલું જ હતું, તેની બહાર અને આસપાસની સડકો પર પણ જબરદસ્ત જામની સ્થિતિ હતી. આલમ એ હતો કે લગભગ ૫૦૦૦ સુરક્ષાકર્મી મળીને પણ આ ભીડને નિયંત્રિત કરવામાં અસમર્થ જ દેખાઈ રહ્યા હતા. ત્યારબાદ મચેલી ભાગદોડમાં ૧૧ જેટલા લોકોનાં મોત થયાં અને છ વર્ષની બાળકી સહિત કેટલાય લોકો ઘાયલ હોવાનું કહેવાય છે. ભાગદોડ દરમ્યાનનાં જે દૃશ્યો વાયરલ થયાં છે, તે ધ્રુજારી આપી જાય તેવાં છે. આ સમગ્ર ઘટના અસલમાં પ્રશાસનની લાપરવાહી અને ભીડના વ્યવસ્થાપનમાં નિષ્ફળતાને જ ઉજાગર કરે છે. એવા પણ અહેવાલો આવ્યા છે કે પ્રશાસને વિક્ટ્રી પરેડ નહિ કરવાની ભલામણ છતાં ટીમ મેનેજમેન્ટ અને ત્યાંની કોંગ્રેસ સરકારે ધરાર આ આયોજન કર્યું.

આઈપીએલની અઢાર સિઝન સુધીના લાંબા ઈંતેજાર બાદ પોતાનો પહેલો આઈપીએલ ખિતાબ જીતનારી આરસીબી ટીમને લઈને પ્રશંસકોનો ઉત્સાહ અનપેક્ષિત ન હતો, બલ્કે સ્વાભાવિક જ હતો. બેંગલુરુ જેવા પ્રગતિશીલ છબિ ધરાવતા મહાનગરમાં આટલા મોટા આયોજન માટે પર્યાપ્ત સુરક્ષા વ્યવસ્થા જ ન હોય તો સવાલ તો ઉઠશે જ. કર્ણાટકના ઉપમુખ્યમંત્રી ડીકે શિવકુમાર ભલે એમ કહી રહ્યા હોય કે યુવા અને ઉત્સાહી ભીડ પર સંપૂર્ણ રીતે લાઠીચાર્જ નહોતા કરી શકતા, પરંતુ સવાલ એ છે કે ભીડને નિયંત્રિત કરવાના વૈકલ્પિક ઉપાય, જેમ કે પર્યાપ્ત બેરિકેડિંગ, વધારાના પોલીસ દળની તૈનાતી, આપાતકાલીન નિકાસની વ્યવસ્થા વગેરે પહેલેથી કેમ ન કરવામાં આવ્યું. ભાગદોડ દરમ્યાન પ્રશાસન અને પોલીસ વ્યવસ્થાનું આ રીતે અસહાય દેખાવું ખરેખર આઘાતજનક હતું. એવા સમાચારો પણ છે કે આરસીબીએ પોતાના પ્રશંસકોમાં મફત પાસ વહેંચ્યા, જેને કારણે ભીડ આટલી બધી વધી ગઈ. તેથી બીસીસીઆઇ પણ પોતાની જવાબદારીથી બચી ન શકે. એ દુઃખદ જ હતું કે સ્ટેડિયમની બહાર લોકો મરી રહ્યા હતા અને અંદર ટીમ અને આયોજકો જશ્ન મનાવી રહ્યા હતા. આ દુર્ઘટના આપણને એ ઘટનાઓની યાદ દેવડાવે છે, જેમાંથી આપણે ભવિષ્ય માટે બોધપાઠ લેવાની જરૂર છે. મોટા સાર્વજનિક આયોજનોમાં ભીડ વ્યવસ્થાપન એક વિજ્ઞાન છે, જેને ટેકનિક, પ્રશિક્ષણ અને યોજના દ્વારા લાગુ કરવું જોઈએ. એવામાં સરકાર, પોલીસ અને આયોજકોએ મળીને સુનિશ્ચિત કરવું જોઈએ કે ભવિષ્યમાં આવી દુર્ઘટનાઓને રોકી શકાય. આ દુઃખદ ઘટનાની ઉચ્ચ સ્તરીય તપાસ અને દોષીઓને સખત સજા પણ મળવાની સાથે એ પણ જરૂરી છે કે ભવિષ્યમાં આ પ્રકારના આયોજનો માટે માપદંડ સંચાલન પ્રક્રિયા (એસઓપી) નક્કી કરવામાં આવે, જેનું પાલન અનિવાર્ય હોય.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## આગામી સાત દિવસ હજુ ગરમી રહેશે, ૧૧ જૂનથી ચોમાસાની ગતિ ભારે બનશે



અમદાવાદ,તા.૭

જુન મહિનાનું પહેલું સપ્તાહ હવે પુરુ થવા આવ્યું છે.. સૌ કોઈ ચોમાસુ બેસવાની રાહ જોઈ રહ્યા છે. રાજ્યમાં છૂટો છવાયો વરસાદ પડી રહ્યો છે.. પરંતુ ગરમી અને બાફનું પ્રમાણ ખુબજ વધારે હોવાથી લોકો હેરાન-પરેશાન છે..

દક્ષિણ ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે.. પવનમાં ભેજના કારણે છૂટાછવાયા વરસાદની આગાહી છે. દાહોદ ,પંચમહાલ ,વડોદરા, છોટાઉદેપુર, ભરૂચ ,નર્મદા, સુરત ,તાપી ,નવસારી, ડાંગ ,વલસાડ, પોરબંદર, જુનાગઢ ,ગીર સોમનાથ ,દીવમાં હળવાથી સામાન્ય વરસાદની આગાહી છે રાજકોટ ,અમરેલી, બોટાદ, ભાવનગરમાં પણ વરસાદની આગાહી હવામાન વિભાગે કરી છે.

હવે હવામાન નિષ્ણાંત અંબાલાલની આગાહી પર નજર કરીએ તો રાજ્યના હવામાનમાં પલટો આવશે તેવી આગાહી તેમણે કરી છે. તેમણે કહ્યું કે, 'બંગાળના ઉપસાગરમાં સિસ્ટમ સક્રિય થઈ છે, ત્યારે ૧૭થી ૧૯ જૂન સુધી બંગાળના ઉપરાગરમાં સિસ્ટમ બનશે.

હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે કહ્યું કે, હજુ થોડા દિવસ રાજ્યમાં ગરમીનું પ્રમાણ રહેશે. ૧૦ જૂન સુધી દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ પ્રવેશ કરશે. ૧૧ જૂનથી ચોમાસાની ગતિ ભારે બનશે અને ૧૨-૧૩ જૂનમાં દક્ષિણ સૌરાષ્ટ્રના ભાગોમાં ચોમાસું આગળ વધશે. જેના પગલે ૧૩ જૂન પછી પૂર્વ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ ખાબકી શકે છે. ૧૩ જૂન પછી રાજ્યના કેટલાક ભાગોમાં અતિ ભારે વરસાદ પડી શકે છે. આ વર્ષે ચોમાસામાં ચિંતા કરવા જેવું નથી'

હવામાન નિષ્ણાંતે કહ્યું કે, ૧૨ થી ૧૩ જૂનમાં દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ આવી શકે છે, જેના પગલે ૧૩ જૂન બાદ ગુજરાતમાં ભારે વરસાદની સંભાવના છે. ૨૨ જૂન સુધીમાં ચોમાસુ ગુજરાતને આવરી લેશે.

## ખાદ્યપદાર્થોમાં જીવાત નીકળવાના કિસ્સા વચ્ચે ખુલાસો

# માંડ ૧૦ ટકા રેસ્ટોરન્ટમાં-ખાણીપીણીનાં વેપારીઓ પાસે 'પેસ્ટ કન્ટ્રોલ' સર્ટીફીકેટ



(ગરવી તાકાત) ગાંધીનગર તા.૭

કોઈપણ શહેરમાં ખાદ્યપદાર્થોમાં જીવાત નિકળવાની ઘટનાઓ વખતોવખત પ્રકાશમાં આવે છે ત્યારે માંડ ૧૦ટકા રેસ્ટોરા જ પેસ્ટ કન્ટ્રોલ સર્ટીફીકેટ ધરાવતા હોવાનો ખુલાસો થયો છે.

છેલ્લા એક વર્ષમાં અમદાવાદની ફાઈવ સ્ટાર હોટેલથી માંડીને નાની હોટેલ અને રેસ્ટોરન્ટમાં જીવાતો નીકળવાની ઘટનાઓ સામે આવી છે. અમદાવાદની કુલ ૩૬૨૮ ખાણીપીણીની હોટેલ, રેસ્ટોરેન્ટસ અને સ્ટ્રીટ ફૂડના રજીસ્ટર્ડ આઉટલેટમાંથી માત્ર ૧૦ ટકા હોટેલોએ પણ પેસ્ટ કંટ્રોલ સર્ટિફિકેટ મેળવ્યું છે.ત્રણ હજારથી વધુ હોટલોમાં જીવાતોને નિયંત્રિત કરવાની કોઈ પોલીસી નથી. વર્ષ ૨૦૨૩માં અમદાવાદમાં ૨૨૧૪ રેસ્ટોરન્ટ કેટેગરીની હોટલો હતી. જેમાં ચાર ટકાનો વધારો થયો છે.

વધતો જતો સ્વાદ રસિયાઓનો પ્રવાહ, હોટલના કિચનમાં નિયમિત સ્વચ્છતાનો અભાવ અને ટ્રેઈન્ડ સ્ટાફમાં શિસ્તના અભાવને કારણે વારંવાર જીવાતો અને વાસી ખાદ્ય પદાર્થોની ફરીયાદો આવી રહી છે. માત્ર સામાન્ય હોટેલો જ નહીં ઘણીવાર ફાઈવ સ્ટાર કક્ષાની હોટલોમાં પણ સ્વચ્છતાની ફરીયાદો જોવા મળી છે.

જાણીતી રેસ્ટોરેન્ટના માલિક જણાવે છે કે, 'દરેક હોટેલ અને રેસ્ટોરન્ટે પેસ્ટ કંટ્રોલ પોલીસી અનુસરવી જરૂરી છે. તેને લગતી એજન્સીઓ અને સ્વચ્છતાના ધોરણો છે. પરંતુ જે રીતે હોટલોમાં ગ્રાહકોનો ધસારો છે તેની સામે કોઈની પાસે સ્વચ્છતા જાળવવાનો સમય નથી રહેતો એ મોટી વિડંબના છે. મોટા ભાગે આવી કોઈપણ ઘટના બને ત્યારે ગ્રાહક સાથે સમાધાન કરી લેવામાં આવે છે.

## કોર્પોરેટ એકમોને ના વાંધા પ્રમાણપત્ર-ર્દ્રૂઝ આપવા કલેક્ટરોને આદેશ કર્યો છે

# મહિલાઓના નાઈટશિફ્ટને મંજુરી માટે કલેક્ટરને સતા સોંપાઈ : ફેક્ટરી સહિતના એકમો માટે સરળતા



અમદાવાદ,તા.૭

ગુજરાતમાં કોર્પોરેટ અને ઔદ્યોગિક એકમોમાં હવે સાંજના ૭ વાગ્યા પછી અને સવારના ૬ વાગ્યા પહેલા અર્થાત રાત્રિ દરમિયાન પણ મહિલા શ્રમિકોને નોકરી કરવાની સ્વતંત્રતા મળી શકશે.રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગે શુક્રવારે એક પરિપત્ર પ્રસિધ્ધ કરીને કારખાના ધારા- ૧૯૪૮ની કલમ ૬૬ (૧)(બી) હેઠળ સ્ત્રી શ્રમયોગીઓને રાત્રિ પાળીમાં કામે રાખવા અંગે સંબંધિત ઔદ્યોગિક, કોર્પોરેટ એકમોને ના વાંધા પ્રમાણપત્ર-**NOC** આપવા કલેક્ટરોને આદેશ કર્યો છે.

અહીં મહત્ત્વનું છે કે, આ આદેશથી ગુજરાતમાં પણ દિલ્હી-મુંબઈ અને દક્ષિણ ભારતના રાજ્યોની જેમ ઔદ્યોગિક અને કોર્પોરેટ એકમોમાં બીજી અને ત્રીજી પાળીમાં મહિલાઓને કામ કરવાની છૂટ મળશે. અહીં ઉલ્લેખનીય છે કે, જે એકમો રાત્રિ દરમિયાન મહિલા શ્રમિકોની પાસેથી કામ લેશે તેમણે સુરક્ષા અને સુવિધા હેઠળ ઘરેથી કંપની સુધી વાહન સેવા અર્થાત સલામતી સાથે ટ્રાન્સપોર્ટેશન આપવું પડશે.

શ્રમ અને રોજગાર વિભાગના પરિપત્રમાં સ્પષ્ટપણે કહેવાયું છે કે, મહિલા શ્રમયોગીઓને બીજી અને ત્રીજી પાળીમાં કંપનીમાં કામ કરવા અંગે સરકાર રાજપત્ર (ગેઝેટ) પ્રસિધ્ધ કરીને જે તે વિસ્તાર કે ક્ષેત્ર આધારિત જાહેરનામું બહાર પાડીને મંજૂરી આપી શકે છે. આથી, અમદાવાદ સહિતના અનેકવિધ શહેરોમાં ઔદ્યોગિક ક્ષેત્રોમાં આગામી સમયમાં ગેઝેટ પ્રસિદ્ધ થશે.

## ગુજરાત પોલીસ બની સોશિયલ મિડિયા એક્ટીવ

# ત્રણ મહિનામાં 'ઠ' પર મળેલ ૩૧૦ ફરિયાદોનું ગણતરીના કલાકોમાં કરવામાં આવેલ નિરાકરણ




ગાંધીનગર, તા.૭

રાજ્યમાં લો એન્ડ ઓર્ડર, ટ્રાફિક સમસ્યા, પ્રોહિબિશન, સાયબર ફ્રોડ, સરકારી અધિકારી કર્મચારી દ્વારા લાંચ માગણી કે દુર્વ્યવહાર જેવી અનેક ફરિયાદોની રજૂઆત બાદ સ્થાનિક પોલીસ દ્વારા કાર્યવાહી ન થતી હોવાની અનેક રજૂઆતો ઉચ્ચ અધિકારીઓને મળે છે.

બીજીબાજુ આ પ્રકારની ફરિયાદોનો નિકાલ લાવવા કેટલાય લોકો સોશિયલ મીડિયા પર ફરિયાદ કરતા હોય છે. રાજ્ય પોલીસવડાએ તેનો હકારાત્મક અભિગમ અપનાવીને આ પ્રકારની ફરિયાદોનો નિકાલ લાવવા એક ટીમ કાર્યરત કરી હતી.

ત્રણ માસમાં સોશિયલ મીડિયા પર મળેલી ૩૩૫ રજૂઆતોમાંથી ૩૧૦ ફરિયાદોનો ગણતરીના સમયમાં નિરાકરણ લાવી દીધો છે. રાજ્યભરમાં થતી ગુનાખોરીની ફરિયાદો કોઈપણ નાગરિક સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આપી શકે છે.

જે માટે સ્ટેટ લેવલની એક ટીમ કાર્યરત છે.

ગુજરાત પોલીસના ઓફિશિયલ ડ એકાઉન્ટ પર ત્રણ મહિનામાં ૩૩૫ રજૂઆતો મળી હતી. જે રજૂઆતો જે તે જિલ્લા કે શહેરના અધિકારીઓને ફોરવર્ડ કરાયા બાદ નિરાકરણ લાવવા સૂચના અપાઇ હતી.

આ પોસ્ટને ગણતરીની મિનિટોમાં રિસ્પોન્સ આપીને ત્વરિત કાર્યવાહી કરાઈ હતી. કાયદો-વ્યવસ્થાની અનેક ફરિયાદોમાંથી ત્રણ મહિનામાં ૩૧૦થી વધુ સમસ્યાનો નિકાલ લવાયો હતો.

જાગૃત નાગરિકે કરેલી એક પોસ્ટના પરિણામે સુરત ખાતે ટ્રેન પહોંચે તે પહેલા ભરૂચથી ચાલુ ટ્રેનમાં નશાખોરને પકડી લઈને ગુજરાત પોલીસે હકારાત્મક કામગીરી કરી હતી.

# વિજ કંપનીઓની ઓનલાઈન સેવામાં તા.૧૦ સુધી બંધ રહેશે




**કઈ સેવાઓ રહેશે બંધ?**

**કંપનીની વેબસાઇટ, ગ્રાહક પોર્ટલ, ઈ-વિદ્યુત સેવા, ઇ-ગ્રામ, વર્ચ્યુઅલ બેંક એકાઉન્ટ, સીએસસી સેન્ટર, બેંક શાખાઓ મારફત વીજ બિલ, ઓનલાઇન વીજ બિલ, અન્ય ચૂકવણી**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૭

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ **(GUVNL)** ડેટા સેન્ટર ખાતે નોન-આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરની નવીનીકરણની કામગીરીને લઈને સરકારી વીજ કંપનીઓની ઓનલાઈન સેવા આજે સાંજે ૬ વાગ્યાથી ૧૦ જૂનના સવારે ૧૦ વાગ્યા સુધી બંધ રહેશે. આ મામલે **GUVNL**એ તેની સત્તાવાર વેબસાઈટ પર જાણકારી આપી છે.

સરકારી વીજ કંપનીઓની ઓનલાઈન સેવાઓ ૬થી ૧૦ જૂન સુધી બંધ **GUVNL** ના જણાવ્યા મુજબ, આજે શુક્રવારે (૬ જૂન) સાંજના ૬ વાગ્યાથી ૧૦ જૂને ૧૦ વાગ્યા સુધી **GUVNL**અને તેની વીજ વિતરણ કંપનીઓમાં **UGVCL, MGVCL, PGVCL, DGVCL, GETCO** અને **GSECL**ની ઓનલાઇન સેવા બંધ રહેશે.

**GUVNL** ડેટા સેન્ટર ખાતે નોન-આઈટી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સહિતની કામગીરી કરવાની હોવાથી આ પ્રકારનો નિર્ણય કરાયો છે, ત્યારે ઓનલાઈન લાઈટ બીલ ભરવા સહિતની કામગીરીને લઈને ગ્રાહકોએ તેની નોંધ લેવા જણાવાયું છે. જયારે **GUVNL** ની મેઈન્ટેનન્સની કામગીરી પૂર્ણ થતાં ફરીથી ઓનલાઈન સેવા કાર્યરત કરાશે.

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષઃ** તમારા માટે આજનો દિવસ ખાસ છે અને ઘણો સંઘર્ષ કર્યા પછી તમને સમસ્યામાંથી થોડી રાહત મળશે. લાગે છે કે હવે ધીરે ધીરે તમારું નસીબ તમને ટેકો આપશે. આર્થિક મુશ્કેલીમાંથી તમને રાહત મળશે.

**વૃષભઃ** આજનો દિવસ ઝડપી છે. દરેક કામ સમયસર પૂરું કરશો. તમારી પ્રગતિ જોઈને દરેક જણ આશ્ચર્યચકિત થશે. તમે તમારી સિદ્ધિઓ પણ જોઈ શકો છો. પોતાને સંભાળીને કામ કરો તો સારું રહેશે, તો સફળતા કાયમી રહેશે.

**મિથુનઃ** તમારે આ સમયે ઘણું દોડવું પડી શકે છે. તેના પરિણામો પણ ફાયદાકારક રહેશે. કારકિર્દી અને વ્યવસાયની દ્રષ્ટિએ તમને સફળતાનો સ્વાદ મળશે. આ ક્ષણે તમે તમારા કાર્યને ઉત્સાહથી પૂર્ણ કરો.

**કર્કઃ** ગ્રહોની અયોગ્ય સ્થિતિને કારણે આજે તમે કોઈ પણ કારણ વિના ચિંતિત રહી શકો છો અને કોઈ પણ કાર્ય પૂર્ણ નહીં થવાને કારણે પરેશાન રહેશો. આમાંની કેટલીક સમસ્યાઓ વાસ્તવિક છે અને કેટલીક તમારી પ્રકૃતિને કારણે ઊભી થાય છે. સાવચેત રહો અને તમારા કાર્ય પર ધ્યાન કેન્દ્રિત કરો.

**સિંહઃ** આજનો દિવસ તમારા માટે અનુકૂળ અને લાભદાયક છે. ઉચ્ચ અધિકારીઓની નિકટતાથી તમને લાભ મળી શકે છે અને આજે તમારા હાથમાં થોડી તક મળી શકે છે.

**કન્યાઃ** આજે ગ્રહોની સ્થિતિ તમારા માટે અનુકૂળ છે અને આજે તમારા પરિવારમાં કોઈ શુભ કાર્ય ગોઠવવા અંગે ચર્ચા થઈ શકે છે. તમે તમારા જીવનધોરણમાં સુધારો કરવા માટે આજે શોપિંગ મૂડ બનાવી શકો છો.

**તુલાઃ** આજનો દિવસ શુભ છે અને તમને આકસ્મિક ગમે ત્યાંથી સારા સમાચાર મળશે. કાર્ય-વ્યવસાયના ક્ષેત્રમાં તણાવ આ સમયે તમારા પર વર્ચસ્વ નાથવા દો.

**વૃશ્ચિકઃ** આજે તમારી જ્ઞાનના ક્ષેત્રે પ્રગતિ મળશે. અભ્યાસ અને અધ્યાત્મમાં રસ વધારવો સ્વાભાવિક છે. વિવાદિત કિસ્સા સમાપ્ત થશે. ગુપ્ત શત્રુઓ અને ઈર્ષ્યાવાળા સાથીઓથી સાવચેત રહો.

**ધનઃ** આ દિવસે તમે બીજાના કામમાં અટવાઈ જશો. આજનો દિવસ બહેન-ભાઈની ચિંતામાં પસાર થશે, કારણકે તમે હંમેશા તમારા પરિવારની સુખાકારી માટે પ્રતિબદ્ધ છો.

**મકરઃ** આજનો દિવસ ઇચ્છિત પરિણામ આપનાર છે. આજે સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તમારી ભાગીદારીને લીધે તમારું માન સન્માન વધશે. દિવસભર સારા સમાચાર પણ પ્રાપ્ત થશે.

**કુંભઃ** આજનો દિવસ તમારા માટે કોઈ પ્રકારનાં દબાણ હેઠળના કામનો સાબિત થઈ શકે છે. વ્યાવસાયિક ચિંતા તમને પરેશાન કરી શકે છે. છેલ્લા ઘણા દિવસોથી ધંધો નિયમિત રહ્યો નથી.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે સફળતાનો છે. નવા સંપર્કથી તમને ફાયદો થઈ શકે છે. જો તમે કોઈ સંશોધન કાર્યમાં સામેલ છો તો તમને ફાયદો થશે. રોકાયેલા નાણાં મુશ્કેલીથી પ્રાપ્ત થશે. રોજિંદા કામમાં નિરાશા ના લાવો, અન્યથા નુકસાન થઈ શકે છે. રાત્રે શુભ પ્રસંગોમાં જવાનો અવસર મળશે.

## ફિલ્મી ગપશપ

### 'હાઉસફુલ ૫' બની નોટ છાપવાનું મશીન

### વિશ્વભરમાં ફિલ્મનો ડંકો વાગ્યો, વર્ષ ૨૦૨૫ની ત્રીજી સૌથી મોટી ઓપનર ફિલ્મ બની

અક્ષય કુમાર, અભિષેક બચ્ચન અને રિતેશ દેશમુખની 'હાઉસફુલ ૫' રિલીઝ થઈ ગઈ છે. થિયેટર્સમાં પ્રવેશતા જ ફિલ્મે બોક્સ ઓફિસ પર કબજો જમાવી લીધો છે અને ધનાધન નોટ છાપી રહી છે. માત્ર દેશમાં જ નહીં, પરંતુ વિદેશોમાં પણ 'હાઉસફુલ ૫'નો ડંકો વાગી રહ્યો છે. અક્ષય, રિતેશ અને અભિષેકની ત્રિપુટી થિયેટર્સમાં ધમાલ મચાવી રહી છે. ચાલો, તમને જણાવીએ કે 'હાઉસફુલ ૫'એ પહેલા દિવસે વિશ્વભરમાં કેટલા કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.




કોમેડીથી ભરપૂર મર્ડર મિસ્ટ્રી ફિલ્મ 'હાઉસફુલ ૫' પર દર્શકો ખૂબ પ્રેમ વરસાવી રહ્યા છે. આ સાથે, ફિલ્મને વિવેચકો તરફથી પણ સારા રિવ્યૂ મળ્યા છે. આ દરમિયાન, 'હાઉસફુલ ૫'ની પહેલા દિવસની વિશ્વવ્યાપી કમાણીનો આંકડો સામે આવ્યો છે. ટ્રેડ વેબસાઈટ સૈકનિલ્કના રિપોર્ટ અનુસાર, ફિલ્મે પહેલા દિવસે વિશ્વભરમાં ૪૦.૭૫ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો છે.આ પહેલા અક્ષય કુમારની ફિલ્મ 'કેસરી ચેપ્ટર ૨' રિલીઝ થઈ હતી, જેને વર્લ્ડવાઇડ ૧૪ કરોડ રૂપિયાની ઓપનિંગ મળી હતી. 'હાઉસફુલ ૫'ની પહેલા દિવસની કમાણી રોહિત શેટ્ટીની ફિલ્મ 'સૂર્યવંશી' કરતાં પણ વધુ છે, જેણે ઓપનિંગ ડે પર વિશ્વભરમાં ૩૯.૫૦ કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો. જ્યારે, ફ્રેન્ચાઈઝીની અગાઉની ફિલ્મ 'હાઉસફુલ ૪'એ વિશ્વભરમાં પહેલા દિવસે ૩૦.૫૦ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું.દેશના બોક્સ ઓફિસની વાત કરીએ તો, 'હાઉસફુલ ૫' વિકી કૌશલની 'છાવા' (૩૩.૧૦ કરોડ) અને સલમાન ખાનની 'સિકંદર' (૩૦.૦૬ કરોડ) પછી વર્ષ ૨૦૨૫ની ત્રીજી સૌથી મોટી ઓપનર ફિલ્મ બની ગઈ છે. જ્યારે, અજય દેવગનની 'રેડ ૨'એ દેશભરમાં પહેલા દિવસે ૧૯.૭૧ કરોડ રૂપિયાનું કલેક્શન કર્યું હતું.ફિલ્મની વાર્તા અબજપતિ રણજીત ડોબરિયાલથી શરૂ થાય છે, જેનું ક્રૂઝ શિપ પર મૃત્યુ થાય છે. ત્યારબાદ જોલી નામના ત્રણ લોકો આગળ આવે છે અને તેની સંપત્તિ પર પોતાનો હક જતાવે છે, એવો દાવો કરીને કે તેઓ રણજીત ડોબરિયાલના અસલી પુત્રો છે. પરંતુ પછી શિપમાં એક ડોક્ટરનું ખૂન થાય છે અને ત્રણેય આરોપી બની જાય છે. ફિલ્મની ખાસ વાત એ છે કે આ ફિલ્મ બે વર્ઝન 'હાઉસફુલ ૫છ' અને 'હાઉસફુલ ૫મ'માં રિલીઝ થઈ છે, અને દરેકમાં અલગ-અલગ ખૂની છે.જણાવી દઈએ કે 'હાઉસફુલ ૫'માં સંજય દત્ત, ફરદીન ખાન, શ્રેયસ તલપડે, નાના પાટેકર, જેકી શ્રોફ, ડિનો મોરિયા, ચિત્રાંગદા સિંહ, સોનમ બાજવા, ચંકી પાંડે, નિકિતિન ધીર અને જોની લીવર જેવા સ્ટાર્સ પણ મહત્વની ભૂમિકાઓમાં છે. આ ફિલ્મ પોપ્યુલર 'હાઉસફુલ' ફ્રેન્ચાઈઝીની પાંચમી ફિલ્મ છે. તેનું નિર્માણ સાજિદ નડિયાડવાલાએ કર્યું છે, જ્યારે ડિરેક્ટર તરુણ મનસુખાની છે.

નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન માટે સક્રિય અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે : ડો. પી.કે. મિશ્રા

# હિટવેવ સીમાપાર અને પ્રણાલીગત જોખમ, ખાસ કરીને ગીચ વસ્તીવાળા શહેરી ક્ષેત્રો માટે છે . ડો. પી.કે. મિશ્રા

**ભારત પાસે સમગ્ર સરકાર અને સમગ્ર સમાજનો અભિગમ છે, જેમાં ગરમીની સ્થિતિ સ્થાપકતા સુધારવા માટે બહુવિધ હિસ્સેદારોનો સમાવેશ થાય છે : ડો. પી.કે. મિશ્રા**




ગાંધીનગર, તા.૭

પ્રધાનમંત્રીના મુખ્ય સચિવ ડો. પી.કે. મિશ્રાએ યુએન સેક્રેટરી જનરલના આહ્વાનનો પુનરોચ્ચાર કર્યો છે અને વૈશ્વિક કટોકટી તરીકે ભારે ગરમીનો સામનો કરવાની તાત્કાલિક જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

ગઈકાલે (૦૬ જૂન ૨૦૨૫) જીનીવામાં એક્સ્ટ્રીમ હીટ રિસ્ક ગવર્નન્સ પરના ખાસ સત્ર દરમિયાન મુખ્ય સંબોધન કરતા, તેમણે ભાર મૂક્યો હતો કે વધતું તાપમાન જાહેર આરોગ્ય, આર્થિક સ્થિરતા અને પર્યાવરણીય સ્થિતિસ્થાપકતા માટે પ્રણાલીગત ખતરો છે અને ભારત એક્સ્ટ્રીમ હીટ રિસ્ક ગવર્નન્સ માટે કોમન ફ્રેમવર્કને વહેંચાયેલ શિક્ષણ, માર્ગદર્શન અને સહયોગ માટે એક પ્લેટફોર્મ તરીકે આગળ વધારવા માટે UNDRRની પહેલનું સ્વાગત કરે છે.

ડો. મિશ્રાએ ભાર મૂક્યો હતો કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ ભારતે ભારે ગરમીના જોખમ વ્યવસ્થાપન માટે સક્રિય અને દૂરંદેશી અભિગમ અપનાવ્યો છે. તેમણે માહિતી આપી હતી કે ભારત આપત્તિ પ્રતિભાવથી આગળ વધીને સંકલિત તૈયારી અને શમન વ્યૂહરચના તરફ આગળ વધ્યું છે.

૨૦૧૬ થી રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (NDMA)એ ગરમીના મોજા વ્યવસ્થાપન પર વ્યાપક રાષ્ટ્રીય માર્ગદર્શિકા વિકસાવી છે, જે ૨૦૧૯માં સુધારેલ હતી. વિકેન્દ્રિત ગરમી કાર્ય યોજના (HAP) માટે પાયો નાખ્યો હતો.

તેમણે અમદાવાદ હીટ એક્શન પ્લાનની પ્રશંસા કરી હતી. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે કેવી રીતે વહેલી ચેતવણી આંતર-એજન્સી સંકલન અને સમુદાય સંપર્ક જીવન બચાવી શકે છે.

મુખ્ય સચિવે ભાર મૂક્યો કે, ×ગરમીથી પ્રભાવિત ૨૩ રાજ્યોના ૨૫૦થી વધુ શહેરો અને જિલ્લાઓમાં ગરમી કાર્ય યોજનાઓ કાર્યરત છે, જેને દ્રઢસ્છના સલાહકાર, તકનીકી અને સંસ્થાકીય પદ્ધતિઓ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.× તેમણે ભાર મૂક્યો કે મજબૂત દેખરેખ, હોસ્પિટલની તૈયારી અને જાગૃતિ અભિયાનોને કારણે ગરમીના મોજા સંબંધિત મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ડો. મિશ્રાએ જણાવ્યું હતું કે, ભારતનો અભિગમ સમગ્ર સરકાર અને સમગ્ર સમાજનો છે, જેમાં આરોગ્ય, કૃષિ, શહેરી વિકાસ, શ્રમ, વીજળી, પાણી, શિક્ષણ અને માળખાગત સુવિધાઓ મંત્રાલયોનો સમાવેશ થાય છે.

તેમણે ઉમેર્યું કે જાહેર આરોગ્ય સંસ્થાઓ, સંશોધન જૂથો, નાગરિક સમાજ સંગઠનો અને યુનિવર્સિટીઓ સ્થાનિક સરકારોને ગરમી કાર્ય યોજનાઓને સુધારવામાં મદદ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે.

ડો. મિશ્રાએ ભાર મૂક્યો કે, ×અતિશય ગરમી સમુદાયોને ખૂબ અસર કરે છે. અને ભારતે તેના પ્રતિભાવમાં પરંપરાગત જ્ઞાન અને સ્થાનિક અનુભવોને સક્રિયપણે સામેલ કર્યા છે.× તેમણે ઉમેર્યું કે શાળાઓ વ્યવહાર પરિવર્તન માટે ઉત્પ્રેરક બની છે. બાળકોને આબોહવા સ્થિતિસ્થાપકતા વિશે શિક્ષિત કરે છે.

તેમણે એ પણ ભાર મૂક્યો કે હોસ્પિટલો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને ઝડપી અને અસરકારક કટોકટી પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે મજબૂત બનાવવા જોઈએ. ડો. મિશ્રાએ ભારે ગરમી પ્રત્યે સ્થિતિસ્થાપક, સંકલિત અને સક્રિય વૈશ્વિક પ્રતિભાવ સુનિશ્ચિત કરવા માટે વૈશ્વિક ભાગીદારો સાથે તેની કુશળતા, તકનીકી ક્ષમતાઓ અને સંસ્થાકીય શક્તિઓ શેર કરવાની ભારતની સંપૂર્ણ પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરી છે.

ગત નાણાકીય વર્ષમાં રાજયમાં ૬૦૦૦૦થી વધુ સેમ્પલમાં ફકત ૧૦૪ સલામત પુરવાર

# ગુજરાતમાં ઘી - દૂધ - મસાલામાં સૌથી વધુ ભેળસેળ

**વિશ્વ ખાદ્ય સુરક્ષા દિને રિપોર્ટ : પનીર સહિતની દૂધ આઈટમ, ખાદ્યતેલ અને બોટલબંધ પીવાના પાણી પણ આરોગ્ય માટે સલામત જણાયા નથી**

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૭

દેશ અને દુનિયામાં આજે ખાદ્ય સુરક્ષા દિવસ મનાવી રહ્યું છે અને રોજબરોજ આપણે પાણીમાં પ્રદુષણ, ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને હવામાં પણ પ્રદુષણની સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ તથા ભાગ્યેજ તેમાં કોઈ સુધારો નોંધાયો છે.

તેમાં ગુજરાતમાં સૌથી વધુ ભેળસેળ, ઘી, દૂધ અને મસાલામાં થતી હોવાનું રાજયના ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગે ઘટસ્ફોટ કર્યો છે તે બાદ દૂધના ઉત્પાદનો, ખાદ્યતેલ, બોટલમાં કે ઘરે સપ્લાય થતા પીવાના પાણી, જેઓ અનેક વખત શુદ્ધતાની દ્રષ્ટિએ ગોલ્ડ સ્ટાન્ડર્ડના દાવા થતા હોય છે તેમાં પણ ભેળસેળ-બેકટેરીયા અને શરીરને હાની પહોચે તેવા તત્વો મોજૂદ હોય છે.

જો કે ફુડ એન્ડ ડ્રગ વિભાગનો દાવો છે કે છેલ્લા પાંચ વર્ષમાં આ પ્રમાણે અખાદ્ય કે હલકી ગુણવતાના ખાદ્ય પદાર્થોનું પ્રમાણ ઘટયુ છે. રાજયમાં ફુડ-ડ્રગ વારંવાર સેમ્પલીંગ-ચેકીંગ તથા જયાં ઉત્પાદન કે પ્રોસેસીંગ થતુ હોય ત્યાં ચકાસણી વિ. પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

પરંતુ જે સૌથી સરળતાથી ઉપલબ્ધ છે તેવા ખાદ્ય પદાર્થોમાં



ભેળસેળ એ બહું સામાન્ય બાબત બની ગઈ છે. જેમાં ઘી એ સૌથી વધુ ભેળસેળ અને તેની ગુણવતાથી ઓછા માપદંડ ધરાવતુ જોવા મળે છે.

ધીમો સસ્તા પામ ઓઈલ કે સોયાબીનની ભેળસેળ થાય છે. પનીર અને માવામાં યુરીયા, જયારે મગફળીના તેલમાં રીફાઈન્ડ પામ ઓઈલની મિલાવટ થાય છે. મસાલામાં કૃત્રિમ અખાદ્યરંગ અને હલકી ગુણવતાના તેજાનાના મિકસ કરાય છે. ખાસ કરીને મરચા અને હળવદમાં રંગ લાવવા ખૂબજ હાનીકારક ઔદ્યોગીક રંગનો ઉપયોગ થાય છે.

આ અંગે ગુજરાત ફુડ એન્ડ ડ્રગ કમિશ્નર ડો. એચ.જી.કોશીયાનું કહેવું છે કે, ઉત્પાદકો કે વ્યાપારીમાં નફો વધારવા માટે જાહેર આરોગ્ય સાથે ચેડા કરે છે. અમોએ અવારનવાર સેમ્પલીંગ- ચકાસણી અને આ પ્રકારે ભેળસેળ કરનારા સામે ત્વરીત કાર્યવાહી કરીએ છીએ.

૨૦૨૧-૨૨થી ૨૦૨૪-૨૫ના પાંચ વર્ષમાં રાજયમાં ખાદ્ય ચીજોનું સેમ્પલીંગ ૨૧૫૯૬માંથી વધીને ૬૦૦૦૦થી વધુનુ થયુ છે. જેના કારણે અખાદ્ય ચીજો કે ભેળસેળ આવા વેચાતા ઉત્પાદનો સામે કાર્યવાહી અસરકારક બની છે.

## દરોડામાં ૩૫૧ ટન ખાદ્ય પદાર્થનો સ્થળ પર નાશ કરાયો જૂનાગઢમાં ફુડ ટેસ્ટીંગ લેબ સ્થપાશે

**રાજયમાં ફુડ એન્ડ ડ્રગ ઓથોરિટીએ જે કુલ ૬૦૦૦૦થી વધુ દરોડા પાડયા. કુલ ૧૫.૩ ટન ખાદ્ય પદાર્થ જે હલકી ગુણવતાનો માલુમ પડયો હતો તેનો સ્થળ પર જ નાશ કર્યો હતો જેની કુલ રૂા.૨૬ લાખની કિંમત થાય છે. આ વિભાગ વારંવાર ખાદ્ય પદાર્થ વેચતા એકમો પર દરોડા પાડે છે. જયાં અખાદ્ય જણાતા હોય તેવા પદાર્થનો સ્થળ પર જ નાશ કરે છે.**

**રાજયો ખાદ્ય પદાર્થ વેચનાર માટે ફુડ સેફટી લાયસન્સ લેવુ ફરજીયાત છે. રાજયમાં ગત નાણાકીય વર્ષમાં આ પ્રકારે ૧.૨૮ લાખ નવા લાયસન્સ ઈસ્યુ કર્યા હતા.હવે રાજયમાં ખાદ્ય ચીજોની સુરક્ષા વધારવા નવી ચાર ફુડ સેફટી લેબ મંજુર કરી છે તેમાં ગાંધીનગર, અમદાવાદ, જૂનાગઢ, પહેલગામનો સમાવેશ થાય છે અને વલસાડની પણ મંજુર થશે.**

જેમાં અખાદ્ય હોય તે લાંબા ગાળે શરીરને નુકસાન કરે છે પણ હેઝાડીયર્સ એટલે કે ખતરનાક કક્ષામાં થતી ભેળસેળ માનવ શરીરને મોટુ નુકશાન કરે છે તેવું ડો.કટેશિયાએ જણાવ્યું હતું. ૨૦૨૪/૨૫માં જ આ વિભાગે ૧૦૦ દરોડા પાડયા હતા અને રૂા.૧૦.૫ કરોડનો શંકાસ્પદ ખાદ્ય પદાર્થ ઝડપી પાડયો હતો.

જેમાં રૂા.૬.૨૧ કરોડના દંડ કરાયા છે અને ૮૬૪ કેસ પણ દાખલ થયા છે. કુલ ૬૦૪૪૮ નમુનાઓએ ૯૦૧ હલકી ગુજરાતના અને ૧૦૪ અસલામત પુરવાર થયા હતા.

ઈન્ડિયન નેટવર્ક ફોર કલાટમેટ ચેન્જ એસેસમેન્ટના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો

# ગ્લોબલ વોર્મિંગથી આવનારા અઢી દાયકામાં અનાજની અછત સર્જાશે

નવી દિલ્હી,તા.૭

જલવાયું પરિવર્તન (ગ્લોબલ વોર્મિંગ)થી ખાદ્ય સુરક્ષાને મોટો ઝટકો લાગી શકે છે. તાપમાનમાં વૃદ્ધિ, અનિયમીત વરસાદ, દુકાળ પુર અને હિટવેવ જેવી હવામાનની ઘટનાઓની સીધી અસર ખેતી પર પડી શકે છે. જેથી ૨૦૫૦ સુધી મુખ્ય ખાદ્યાન્ન પાકોનાં ઉત્પાદનમાં ભારે ઘટ આવી શકે છે.

અસિંચીત ક્ષેત્રોમાં ખાધાન ઉત્પાદનમાં ૧૦ થી ૩૦ ટકા ઘટની આશંકા છે. આઈએનસીસીએનાં રિપોર્ટ બાદ ફેડરેશન ઓફ ઓલ ઈન્ડીયા ફાર્મલ એસોસીએશન (ફફા)એ જલવાયું પરિવર્તનથી સંભવિત ક્ષતિ પર ચિંતા બતાવતાં ખેડુતોની આવક વધારનાર હવામાન અનુકુળ કૃષિ પર જોર આપવામાં આવ્યું છે. ઈન્ડીયન નેટવર્ક ફોર કલહમેટ ચેન્જ એસેસમેન્ટ (આઈએનસીસીએ)નાં રિપોર્ટમાં



જણાવવામાં આવ્યું છે કે સૌથી વધુ અછત ઘઉં તેમજ ધાન જેવી મુખ્ય પાકોની ઉપજમાં થઈ શકે છે. ઘઉંમા ૬ થી ૨૫ ટકા અને ધાનમાં ૩ થી ૧૫ ટકા સુધી ઘટ આવી શકે છે. આવી હાલત સિંચિત ક્ષેત્રોમાં પણ થશે.

સંગઠને વિશ્વ પર્યાવરણ દિવસે દિલ્હીમાં સેમિનારનું આયોજન કરીને એક ખાસ રિપોર્ટ જાહેર કર્યો હતો જેમાં ખેતીના પડકારોના નિકાલ કરવા માટે નવી ટેકનિકો ખેડુત સુધી પહોંચાડવાના પ્રયાસોને રેખાંકિત કરવામાં આવી.

વિશેષજ્ઞોનું માનવુ છે કે ટેકનિકનાં માધ્યમથી જે જલવાયું સંકટથી ખેડૂતોને બચાવી શકાય છે. અક્ષય ઉર્જા, સુક્ષ્મ સિંચાઈ તેમજ જૈવિક ખેતી માટે સબસીડીની જોગવાઈ હોવી જોઈએ જેથી નાના સીમાંત ખેડૂતો પણ સક્ષમ બને. ફેકાના મહાસચીવ મુરલીબાબુનું માનવુ છે કે ખેતી પર જલવાયું પરિવર્તનની અસર દેખાવા પણ લાગી છે.

માટીની ગુણવતા ઓછી દેખાવા લાગી છે. ભુજલ સ્તર ઘટી રહ્યું છે. નાના ખેડુતોની સ્થિતિ ચિંતાજનક થઈ રહી છે. આ પ્રયાસમાં આઈસીએઆરે દેશભરનાં ૬.૯૩ લાખ ખેડૂતોને હવામાન અને માટીને અનુકુળ ખેતીની ટેકનિક પહોંચાડીને ખેડૂતોને શિક્ષિત કર્યા છે.

જલવાયું અનુકુળ ગામોનો વિકાસ કરવામાં આવ્યો ભવિષ્યનાં ખતરાનો સામનો કરવા માટે સરકારને જલવાયું અનુકૂળ બીજો માટે સંશોધનમાં રોકાણ વધારવા પરંપરાગત ખેતી અને પ્રશિક્ષણ કાર્યક્રમોને પ્રોત્સાહન આપવા પર મજબુત કૃષિ, સાધનોની ઉપલબ્ધતા વગેરે પર ફોકસ-વધારવાનો આગ્રહ કર્યો છે. ખેતીની ટકાઉ લાભદાયક અને પર્યાવરણ અનુરૂપ બનાવીને દેશનાં કરોડોની સંખ્યામાં ખેડુતોની આજીવિકા સુરક્ષીત કરી શકાય છે.

# કોઈ એટલો ધનવાન નથી કે પોતાનો ભૂતકાળ ખરીદી શકે અને એટલો ગરીબ નથી કે પોતાનું ભવિષ્ય બદલી ન શકે



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**

આજકાલ ચારેબાજુ કાળઝાળ મોંઘવારી બેરોજગારી ભ્રષ્ટાચાર થી પ્રજા ત્રાહિમામ્ પોકારી ગઈછે શિક્ષિત બેરોજગાર યુવાધન એન કેન પ્રકારે સમય વેડફી રહયા છે. ગૃહસ્થો સન્યાસીઓ ભૂતકાળ ની ઘટનાઓને વાગોળી ભવિષ્ય માં શું થશે તે બાબતે ચિંતીત છે. ગૃહિણીઓ ખાદ્યચીજ વસ્તુના વધતાં ભાવથી વિહવળ છે કેમ ખરું ને?? આવા નાના કારણે વર્ત માન સમયને સારી રીતે જાણી કે માણી શકતા નથી ત્યારે આચાર્ય ચાણક્યજીએ બહુ સરસ કહ્યું છે કે કોઈએ ભૂતકાળનો શોક ન કરવો જોઈએ,ન તો ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરવી જોઈએ. જેઓ વર્તમાનનો સારો ઉપયોગ કરે છે તે અસાધારણ લોકો છે. તેથી જ દરેક વ્યક્તિએ વર્તમાન નો સારો ઉપયોગ કરવો જોઈએ, કારણ કે આપણે ભૂતકાળ પર કોઈ ભાર નથી અને ભવિષ્ય વાસ્તવમાં,જે થયું તેને ભૂલી જાઓ હવે પછીનું સુધારી લો એ માત્ર એક કહેવત નથી,પણ સમગ્ર મનુષ્ય માટે જીવન જીવવાનો એક ખૂબ જ ઊંડો, અર્થપૂર્ણ અને મૂલ્યવાન સંદેશ છે,જેનાથી ભૂતકાળને ભૂલીને ભવિષ્ય જીવવાની પ્રેરણા મળે છે.આ કરવા માટે વર્તમાનની જમીન પર પાયો નાખવાથી, ભવિષ્યનું નિર્માણ પણ શક્ય છે. તેથી, ભવિષ્યનું નિર્માણ કરવા માટે, માણસે ભૂતકાળમાંથી શીખવું જોઈએ. વાસ્તવિકતાના આધારે સંપૂર્ણ પ્રયાસ કરવો જોઈએ. સત્ય એ છે કે ભૂતકાળ મરી ગયો છે, વાસ્તવિકતા સજીવ જીવંત છે,જ્યારે કલ્પનાની દુનિયા પ્રાર્થના સહાયક તરીકે કામ કરે છે

બીતી તાહી બિસાર દે,આગીન સુધિ લાયા ચોક્કસપણે અજોડ શક્તિના રોના રૂપમાં ત્રણેય ભૂત કાળ, વર્તમાન અને ભવિષ્યના વ્યવસ્થિત સંચાલન તરફ નિર્દેશ કરે છે. અર્થ બહુ સ્પષ્ટ છે કે ભૂતકાળને ભૂલી જાવ, એ બધા વિદ્વાનોનું સત્ય જણાય છે કે સ્મૃતિ દાન છે,તેથી વિસ્મૃતિએ એક પ્રકારનો પ્રસાદ છે. 'આગે કી સુધિ લે'શબ્દ ભવિષ્યની સુખા કારીનો સંકેત આપે છે.યુગોમાં પણ આપણા આરાધ્ય દેવતાઓ એ



શક્ય હોય ત્યાં સુધી અપ્રિય અથવા અત્યંત અપ્રિયપરિસ્થિતિ ઓને ભૂલી જવાનો સંદેશો ફેલાવ્યો છે, પછી તે સમય હોયકે ગુજરી રહેલી વ્યક્તિ. તેણે કર્યુંછે અને ગયું છે,તે ફરી પાછો નથી આવતો,આ દષ્ટિકોણ થી સૂઈ જાઓ અને જુઓ,પછી ભૂતકાળ માટે પસ્તાવોજ નુકસાન કરે છે. કેટલાક વિદ્વાનોએ સાચું જ કહ્યું છે - ગતમ્ ના શોચામિ કૃતમ ના મન્યે.દિલગીર થવું રડવું, ધોવા વગેરે આવા કામ નકામા છે. કવિ તુલસીદાસજીએ સ્પષ્ટ લખ્યું છે-કા વરા જબ ખેતી સુકાઈને સમયથી પુની કા પચીતને.

એક વાર સમય ચૂકી ગયા પછી ગમે તેટલો પસ્તાવો કરો તો પણ કોઈ ફાયદો નથી થઈ શકતો. સમયની ગતિને ઓળખીતે પ્રમાણે વર્તવું અને આગળ વધવું એ જ સફળતાનો સાચો માર્ગ છે. પસ્તાવો એટલે એક ભૂલ બીજી ભૂલ કરવી.ભૂતકાળના અનુભવો માંથી,ભગવાન કૃષ્ણ ચોક્કસપણે આપણને આવતી કાલનો માર્ગ બતાવે છે,આ ત્રણ,સત-રજ-તમ થી ઉપર ઊઠીને,રાજ્ય મુજબ સ્થિર અથવા કાયમી બુદ્ધિ સુધી પહોંચવા માટે. સંદેશ જણાવે છે. 'ભૂલી જવું એ નકારાત્મક ઘટના ઓ અને આવા અન્ય દશ્યોના અંધકારમાંથી બહાર આવીને નવા પ્રકાશ સાથે ગંતવ્ય શોધવાનું એક સ્વરૂપ છે. આ માટે,ફકત ઉચ્ચ વિચાર,યોગ પ્રાણાયામ અને સક્રિયતાના જીવન માટે એક નવું પરિમાણ શરૂ કરવું પડશે.

આ સંદર્ભમાં એક વિદ્વાને સાચું જ કહ્યું છે કે ભૂતકાળએ ભવિષ્ય ની પ્રયોગશાળા છે. વર્તમાનએ તમારી ભૂલો અને ભૂતકાળમાં થયેલી ભૂલોમાંથી બોધપાઠ લેવાનું અને ભવિષ્યમાં તેનું પુનરાવર્તન ન કરવાનું પ્લેટ ફોર્મછે આ વાત પર નિશાન સાધતા 'ખલીલ જિબ્રાને' ખૂબ જ સચોટ રીતે કહ્યું છે

'ગઈકાલ આજની સ્મૃતિ છે અને આવતીકાલ આજનું સ્વપ્ન છે.. તેથી અમારી પાસે વર્તમાન છે. તેથી જ આ સમયની એક-એક ક્ષણ ખૂબ જ આનંદથી પસાર કરવી જોઈએ.ખરેખર, ચિંતા કરવામાં જે સમય વિતાવ્યો તે ડસ્ટબીનમાં ગયો અને વિચારવા માં વિતાવેલો સમય ખૂબ જ સુંદર તિજોરીમાં જમા થયો. તેથી, આ સમય અપાર સંપત્તિનો શોભાના અજોડ મોતીનો અનેઅમૃતસમાન જીવનનો જીવન દાતા ઉત્સવ છે,જેના દ્વારા આપણે માનવ જીવન ને ઘણા અંશે ઉન્નત કરી શકીએ છીએ.

માર્ક ટ્વેઈને કહ્યું છે કે 'આપણી પાસે સૌથી મૂલ્યવાન વસ્તુ સમય છે. તેથી, તેનો ખર્ચ સમજીને અને આર્થિક રીતે કરવો જોઈએ.તે જ સમયે શ્રેષ્ઠ જીવન જીવવાની કળા જાણી લો ભૂતકાળ શું થયું, તેને સતત વાગોળવાની કોઈ જરૂર નથી ભવિષ્યમાં શું થશે તેની ચિંતા કરી જીવન વ્યતીત કરશો તો રોગનો ભોગ બનશો માટે વર્તમાન સમયને શ્રેષ્ઠ સમજી આનંદથી જીવો ગઈકાલે અગિયારસ સાથે ઈદ ઉલ અઝા બકરી ઈદ મનાવી.. અસ્તુ.

## સરકારી બાબુઓ હવે મીટિંગના બહાના નહિ કાઢી શકે, નાગરિકોના હિતમાં સરકારનો મોટો નિર્ણય

# હવે લોકોના કામ સરળતાથી થશે, સરકારી બાબુઓના કામકાજને લઈને ગુજરાત સરકારે કર્યો મોટો નિર્ણય

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

સાહેબ સતત મીટિંગમાં છે એવું અરજદારોને હવે સાંભળવા નહીં મળે. જી હા,,, સરકારી કચેરીઓમાં પોતાનું કામ લઈને જતા અરજદારોને હવે એક કલાકથી વધારે રાહ નહીં જોવી પડે. કેમ કે, સરકારના સામાન્ય વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કરીને સૂચના આપી છે કે, સરકારી અધિકારીઓની મીટિંગ હવે ૧ કલાકથી વધુ નહીં ચાલે.

હવે મીટિંગ માટે ૧ કલાકથી વધારે સમય નહીં વેડફી શકાય. મીટિંગ શરૂ થવાની હોય એની ૫ મિનિટ પહેલાં જ તમામ અધિકારીઓને હાજર થઈ જવું પડશે.



બહારગામના અધિકારીઓને વર્ચ્યુઅલી જોડાવાનું કહેવામાં આવ્યું છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી સમય અને નાણાંની બચત સાથે હવે વહીવટમાં ઝડપ આવશે.

ગુજરાત વહીવટી સુધારણા પંચે સરકારને વહીવટમાં ઝડપ લાવવા માટે જે ભલામણો કરી હતી તેમાં વહેલી કચેરીઓ શરૂ કરવા ઉપરાંત એક મુદ્દો આ પણ હતો. જે બાદ હવે વહીવટ વિભાગે પરિપત્ર જાહેર કરીને સૂચના આપી છે કે કલાકો સુધી અને ક્યારેક ક્યારેક તો આખો દિવસ માત્ર મીટિંગો જ ચાલતી હોવાથી અરજદારોનાં કામ અટકી જતાં હતાં. વિવિધ વિભાગોમાં ફાઈલોના ઢગલા થઈ જતા હતા. આ પ્રકારના વિલંબને ટાળવા માટે માત્ર એક કલાકમાં જ મીટિંગને સમેટી લેવાનો પરિપત્ર કરવામાં આવ્યો છે.

એટલે હવે અરજદારોને એક કલાકથી વધારે સમય સુધી એવું સાંભળવા નહીં મળે કે સાહેબ મીટિંગમાં છે. કેમ કે, મીટિંગનો સમય જ એક કલાક નક્કી કરી દેવામાં આવ્યો છે. મહત્વનું છે કે મીટિંગો લાંબી ચાલતી હોવાથી નાસ્તા-પાણી પાછળ પણ ખૂબ મોટો ખર્ચ થતો હતો. છેલ્લાં ૩ વર્ષમાં સવા બે કરોડ રૂપિયા માત્ર મીટિંગો પાછળ અને મુલાકાતીઓના નાસ્તા પાછળ ખર્ચ થયો હોવાનું સામે આવ્યું છે.

## મહેસાણા સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી

# આ વર્ષે 'પ્લાસ્ટિક પ્રદુષણને હરાવીએ' થીમ અંતર્ગત પર્યાવરણના જતનની પહેલ

### પ્લાસ્ટિકનો 'વન ટાઈમ યુઝ' નહીં કરવા મહિલા વાચકો દ્વારા આશ્વાસન

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

મહેસાણા સરકારી જિલ્લા પુસ્તકાલય ખાતે 'પ્લાસ્ટિક પ્રદુષણને હરાવીએ' ની થીમ પર વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી કરવામાં આવી.વધુ પડતા પ્લાસ્ટિકના ઉપયોગથી પર્યાવરણને થતા નુકસાનને અનુલક્ષીને આ વર્ષે 'પ્લાસ્ટિક પ્રદુષણ ને હરાવીએ' આ થીમ અંતર્ગત પર્યાવરણના જતનને ધ્યાને લેવામાં આવી રહ્યા છે.

આ થીમ અંતર્ગત પ્લાસ્ટિકના વપરાશથી પર્યાવરણને થતા નુકસાન સામે ગ્રંથાલયના વાચકોને વિડીયો નિર્દેશન દ્વારા માહિતગાર કરવામાં આવ્યા.ખાસ કરીને મહિલા વાચકોને આ વિશે માહિતગાર કરવામાં આવ્યા



કારણ કે રોજબરોજની ઘરઘથ્થું ક્રિયાઓમાં જે પ્રકારે પ્લાસ્ટિકનો વપરાશ થાય છે તેને દૂર કરવા મહિલાઓ બહુ સારું કામ કરી શકે છે તે આશ્રયથી ગ્રંથપાલ ડો. ભગવતી જી. પ્રજાપતિ દ્વારા સચોટ માહિતી આપવામાં આવી હતી. અને બને ત્યાં સુધી પ્લાસ્ટિકનો 'વન ટાઈમ યુઝ' ઉપયોગ નહીં કરવામાં આવે તેવું મહિલા વાચકો દ્વારા આશ્વાસન પણ આપવામાં આવ્યું. ગ્રંથાલયના વાચકો દ્વારા વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું.

## અધિકારી-કર્મચારીઓની પ્રિસાઈડિંગ, પોલીંગ-૧ અને પોલીંગ ઓફિસર તરીકેની ફરજ નક્કી થઈ

# જનરલ ઓબ્ઝર્વર અવનિશકુમાર શરણ અને ચૂંટણી અધિકારી એસ.કે.પ્રજાપતિની દેખરેખમાં સ્ટાફ સેકન્ડ રેન્ડમાઇઝેશન પૂર્ણ

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

૨૪-કડી (અ.જા.) વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીનું મતદાન આગામી તા. ૧૯ જુનના રોજ યોજાનાર છે. ત્યારે જનરલ ઓબ્ઝર્વરશ્રી અવનિશકુમાર શરણ અને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટરશ્રી એસ.કે.પ્રજાપતિની દેખરેખમાં સેકન્ડ રેન્ડમાઈઝેશન પૂર્ણ કરાયું છે. આ કોમ્પ્યુટર આધારિત રેન્ડમાઈઝેશનમાં ૯૭૨ જેટલા અધિકારી-કર્મચારીની પ્રિસાઈડિંગ, પોલીંગ-૧ અને પોલીંગ ઓફિસર તરીકેની ફરજ નક્કી થઈ છે.

કલેક્ટર કચેરી ખાતે આ રેન્ડમાઈઝેશનમાં ૯૭૨ અધિકારીઓ- કર્મચારીઓની ચૂંટણી ફરજ નક્કી કરવામાં આવી છે. આગામી દિવસોમાં યોજાનાર ત્રીજા



રેન્ડમાઈઝેશનમાં બુથની ફાળવણી કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર ચૂંટણી પ્રક્રિયા નિષ્પક્ષ અને તટસ્થ રીતે થાય તે માટે માનવીય હસ્તક્ષેપ વગર કોમ્પ્યુટર સિસ્ટમના આધારે અધિકારી-કર્મચારીઓને ફરજ સોંપણી કરવામાં આવે છે.

આ તકે સ્ટાફ ડેટાબેઝના નોડલ અધિકારી અને નિવાસી અધિક કલેક્ટર શ્રી જે. કે. જેગોડા, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વિવેક બારહટ, ચૂંટણી મામલતદારશ્રી, કડી મામલતદારશ્રી ઉપસ્થિત રહ્યા હતા.

## પાટણ ખાતે 'મને જાણો' અંતર્ગત 'હું પુસ્તક બોલું છું' કાર્યક્રમ યોજાયો

# વકતા ભીખુ પરમાર સ્નેહસુધા એ એમની આગવી જબાનમાં પુસ્તકની દિશા અને દશાની ઉપર ચોટદાર વકતવ્ય આપ્યુ

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

પાટણ શ્રીમંત ફતેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય ખાતે તાજેતરમાં 'મને જાણો' અંતર્ગત વાચકો ની રસ રૂચિ ને પસંદગી તેમજ વય મર્યાદા ને ધ્યાને લઈને વધુ વાચકો વધુ પુસ્તકો કેમ વાંચતા થાય અને પુસ્તકો થકી પોતાના જીવન નું સુચારુ રૂપે ઘડતર કરી શકે તે હેતુસર સ્વ. કીર્તિકુમાર જયસુખરામ પારઘી પરિવાર ના સૌજન્ય થી પારંપરિક કાર્યક્રમ યોજાયો હતો વકતા તરીકે ભીખુ પરમાર સ્નેહસુધા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વકતાએ વાંચન કેટલું જીવનમાં જરૂરી છે કેટ કેટલા લોકોને ઉપયોગી છે તેવા ઉચ્ચ પ્રકાર ના પુસ્તકો ની મહત્તા સાથે લેખન શૈલી ની ખૂબીઓ, વ્યક્તિ અને અભિવ્યક્તિ વચ્ચે ની વિશેષતા પર ફોકસ કર્યુ હતુ. તેમજ જગત ના મુખ્ય ત્રણ પુસ્તકો - વિધિવિધાન, સંવિધાન, અને પાઠ્ય પુસ્તક આ ત્રણ પુસ્તકો વાચકો માટે અત્યંત આવશ્યક અને ઉપયોગી પુસ્તકો પર ફોકસ કરતાં કહ્યુ કે આ પુસ્તકો ફરજિયાત પણે જરૂરતમંદોને વાંચવા જ પડે. તદદ ઉપરાંત શ્રેષ્ઠ સર્જકો લિયો ટૉલટોય, ખલીલ જિબ્રાન, ફાધર વાલેસ, ડેલ કાર્નેગી, ઝવેરચંદ મેઘાણી, કબીર, ક.મા.મુન્સી, તેમજ જૈન મુનિઓ, સંતો ભકતો ના પુસ્તકો સંતવાણી સહિત ના દ્રષ્ટાંતરૂપ દાખલાઓ ઉદાહરણ આપી નકકર વાંચન કરવા જણાવ્યુ હતુ. સ્વ. કીર્તિકુમાર જયસુખરામ પારઘી પરિવાર ના સૌજન્ય થી પાટણના શ્રીમંત ફતેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય ખાતે આસ્થા હૉલ માં પારંપરિક 'મને જાણો' વેગવંત વિચારને સ્વર્ગસ્થ ની સ્મૃતિને જીવંત



રાખી વાચકો માટે ઉમદા ભાવના સાથે શ્રોતાઓના હિતમાં વકતાઓ ને આમંત્રિત કરી જ્ઞાનનું સંવર્ધન થાય તે માટે મને જાણો કાર્યક્રમ ના ટાઈટલ થી પ્રેરાઈને પ્રેરણારૂપ કાર્ય ને ધન્યવાદ આપતાં કહ્યુ હતુ કે મને જાણો, આ સંસ્થા ને જાણો, પારઘી પરિવાર ને જાણો કે જેમને 'મને જાણો' જેવો કાર્યક્રમ યોજાવાની અંતઃસ્ફૂરણા થઈ. વિશેષ માં પુસ્તક ના કલેવર કથા કથાનક, વ્યક્તિ અભિવ્યક્તિ, શૈલી, વાચકો ની રસ રૂચિ ને પસંદગી તેમજ વય મર્યાદા ને ધ્યાને લઈને પુસ્તક લખવા માં લેખકે વાચકો ને કેન્દ્ર સ્થાને રાખવા જોઈએ. તેમ જણાવી 'વાંચન એ જરૂરિયાત ની જનની છે 'અને પુસ્તક એ લેખકના આત્માની અભિવ્યક્તિ છે ' તેમ જણાવ્યુ હતુ.

વધુમાં ભોજપત્ર થી લઈને કાગળ પર અને ઈન્ટરનેટ પર લખાતા પુસ્તકો ની મહત્તા અને અસરકારકતા વિશે ખાસ છણાવટ કરી હતી શ્રોતાઓને વિષય ને અનુરૂપ ઓપતી શેઅર શાયરી ના અંદાજમાં ભાષા પર ની પક્કડ અને વ્યાકરણગ્રંથ : સિધ્ધહેમ'ના રચયિતા હેમ ચંદ્રાચાર્ય ને યાદ કરી વ્યાકરણની વિશેષતા દર્શાવી હતી. વ્યાકરણની વાતમાં તેઓ ભીખુ ભાષ્યમ્ પદ્યાત્મક વ્યાકરણ લખી રહ્યા ની વાત નો આધાર પુરાવો આપતાં શાયરી ના અંદાજમાં કહ્યુ હતુ કે - ગોળ ને ગાળ માં જો ફરક ન સમજો તો જીવન ઝેર થશે, ગોળ ને બદલે ગાળ દેશો તો કજિયાનો કાળો કેર થશે આમ અનેક પોરસાતી વાતને લોકોએ તાળીઓ થી વધાવી હતી. આસ્થા સંસ્થા અને પુસ્તકાલય ના સંચાલન બંને ના સુભગ સમન્વય સાથે હું પુસ્તક બોલું છું ના વકતા ભીખુ પરમાર સ્નેહસુધા ને પાટણના પટોળા ની ભાતીગળ ભાતના ડુપટ્ટા થી અને બુકેથી સન્માન કર્યુ એક કલાક સુધી તેઓ એ વિષય ને ન્યાયોચિત હેતુસર વકતવ્ય આપ્યુ હતુ.

આ પ્રસંગે આસ્થા સંસ્થા અને શ્રીમંત ફતેસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલય ના પ્રમુખશ્રી ડૉ.શૈલેષભાઈ સોમપુરા , તથા સંયોજક શ્રી કવિ સર્જક નગીનચંદ્ર ડોડીયા અને 'મને જાણો' ના પરિવારના સભ્ય નારાયણભાઈ તથા અન્ય સ્નેહી જનોના સામુહિક જન્મ દિવસ ની ઉજવણી નિમિત્તે ઉપસ્થિત સ્વજનો, વિદ્વાન શ્રોતાઓ ભાઈઓ અને બહેનો મોટી સંખ્યા માં ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## જિલ્લા કક્ષાએ ટોલ ફ્રી હેલ્પલાઇન નંબર ૧૯૫૦ પર ફરિયાદ/રજૂઆત નોંધાવી શકાશે

# વિધાનસભા પેટા ચૂંટણી લગત ફરિયાદો તથા રજૂઆતો માટે જિલ્લા કક્ષાએ અને વિધાનસભા કક્ષાએ કંટ્રોલરૂમ કાર્યરત

### વિધાનસભા કક્ષાએ કડી ખાતે કાર્યરત કંટ્રોલરૂમના હેલ્પલાઇન નંબર ૦૨૭૬૪૨૯૬૩૫૫ પર ફરિયાદ/રજૂઆત નોંધાવી શકાશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં સંપન્ન થાય તે માટે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી એસ.કે.પ્રજાપતિના નેતૃત્વ હેઠળ આદર્શ આચારસંહિતાનો ચુસ્તપણે અમલ થઈ રહ્યો છે. વિધાનસભા પેટા ચૂંટણી લગત ફરિયાદો/રજૂઆતો માટે જિલ્લા કક્ષાએ મહેસાણા કલેક્ટર કચેરી ડિઝાસ્ટર શાખા ખાતે અને વિધાનસભા કક્ષાએ તાલુકા સેવા સદન કડી ખાતે કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. વિધાનસભા પેટા ચૂંટણી લગત ફરિયાદો/રજૂઆતો માટે મહેસાણા ડિઝાસ્ટર શાખા ખાતે કાર્યરત જિલ્લા કક્ષાના કંટ્રોલરૂમના ટોલ ફ્રી નંબર ૧૯૫૦ તેમજ વિધાનસભા કક્ષાએ તાલુકા સેવા સદન કડી ખાતે કાર્યરત કંટ્રોલરૂમના હેલ્પલાઈન નંબર ૦૨૭૬૪ ૨૯૬૩૫૫ ઉપર ફરિયાદ નોંધાવી શકે છે. આ કંટ્રોલરૂમ જાહેર રજાના દિવસોમાં પણ રાઉન્ડ ધ ક્લોક કાર્યરત રહેશે તેમ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી [illegible] અખબારી યાદીમાં જણાવાયું છે.

## ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં ઈવીએમ અને વીવીપેટનું સેકન્ડ રેન્ડમાઈઝેશન

# ઉમેદવારો અને પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં સોફ્ટવેરની મદદથી રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી

### કડી વિધાનસભા મત વિસ્તારમાં સેકન્ડ રેન્ડમાઈઝેશન દ્વારા ઈવીએમ અને વીવીપેટની ફાળવણી કરવામાં આવી

(ગરવી તાકાત) મહેસાણા તા.૭

૨૪-કડી (અ.જા.) વિધાનસભા પેટા ચૂંટણીને લઈને જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા તમામ સ્તરે કામગીરી હાથ ધરવામાં આવી છે. જિલ્લા કલેકટર કચેરી મહેસાણા ખાતે જનરલ ઓબ્ઝર્વરશ્રી અવનિશકુમાર શરણ તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી એસ.કે. પ્રજાપતિની ઉપસ્થિતિમાં ઈવીએમ અને વીવીપેટનું બીજુ કોમ્પ્યુટરાઈઝડ રેન્ડમાઈઝેશન કરવામાં આવ્યું હતું.

ચૂંટણી તંત્ર દ્વારા ઉમેદવારો અને તેમના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં (EMS) સોફ્ટવેરની મદદથી રેન્ડમાઈઝેશન પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેની યાદી પણ તમામ ઉમેદવારોને તંત્ર દ્વારા સોંપવામાં



આવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈવીએમમાં બેલેટ યુનિટ અને કન્ટ્રોલ યુનિટ એમ બે એકમોનો સમાવેશ થાય છે. જ્યારે વોટર સ્લીપ માટે વીવીપેટ હોય છે. સેકન્ડ રેન્ડમાઈઝેશન દરમિયાન ચૂંટણી પંચે ઠરાવેલા ધારાધોરણો પ્રમાણે વિધાનસભા ક્ષેત્રના કુલ મતદાન મથકોની સામે BU- બેલેટ યુનિટ, CU- કન્ટ્રોલ યુનિટ અને વીવીપેટની ફાળવણી કરવામાં આવી છે.

આ તકે નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વિવેક બારહટ, ૨૪-કડી વિધાનસભા મતદાર વિભાગના ચૂંટણી અધિકારીશ્રી આશિષ મિયાત્રા ઉપસ્થિત રહ્યા હતા.

## સંક્ષિપ્ત સમાચાર

### કુદરતનું ઋણ ચુકવવાનો અવસર એટલે JOY OF GIVING CAMPAIGN




(ગરવી તાકાત) હિંમતનગર તા.૭

હિંમતનગરમાં સેવાકીય કાર્યો માટે સમર્પિત ભારત વિકાસ પરિષદ,હિંમતનગર શાખા અને લોકજાગૃતી માટે હંમેશા પ્રયત્નશીલ એવી હિંમતનગર નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે Reduce,Reuse y™u Recycle ની સંકલ્પનાને પ્રચલિત કરવાનાં હેતુથી વિશ્વ પર્યાવરણ દિવસે અનોખો donation કાર્યક્રમ થયો.

જેમાં બહોળી પ્રમાણમાં નગરજનોએ ભાગ લઈ ગરમ કપડાં,રમકડા,સ્ટેશનરી,સાદાં કપડા,ઘરઉપયોગી વાસણો/છત્રી/પાણીનાં કેરબા આપ્યાં. આ રીતે લોકોએ એમના માટે બિનજરૂરી પણ બીજા માટે ઉપયોગી એવી વસ્તુઓ આપી કચરાનું ઉત્પાદન અટકાવ્યું અને સાથે સાથે ઈીજૈહક્ષ ના હેતુંને વેગ આપ્યો.

આ સાથે સાથે Electronic waste અને Recycle માં આપી શકાય તેવી વસ્તુઓ પણ આપી જેનો ન.પા દ્વારા યોગ્ય નિકાલ થશે. કાર્યક્રમમાં સહભાગી થનાર દરેકને વૃક્ષ અને કપડાની થેલી ઈર્ષ્-ક્ષૈકંનાં પ્રતિક રૂપે આપવામાં આવી.

કાર્યક્રમ માનનીય ધારાસભ્યશ્રી વી.ડી.ઝાલાની સાહેબની પ્રેરક ઉપસ્થિતીમાં ખુલ્લો મુકાયો. સાથે જ નગરપાલિકા પ્રમુખ શ્રી વિમલભાઈ ઉપાધ્યાય, ભારત વિકાસ પરિષદ પ્રમુખશ્રી પ્રવિણભાઈ પટેલના સંકલન અને નગરપાલિકા અધ્યક્ષ શ્રીમતી જિનલ પટેલની કાર્યક્રમ ની સંકલ્પના અને ભારત વિકાસ પરિષદ સેક્રેટરીશ્રી પરીનભાઈ ના માઈક્રોમેનેજમેન્ટ થી કાર્યક્રમ સફળ રહ્યો. અન્ય સહયોગીઓ આ કાર્યક્રમ ના દાતા અને પર્યાવરણ સંયોજક શ્રી દિનેશભાઈ પટેલ ,ગોપાલસિંહ રાઠોડ, જીગ્નેશભાઈ પટેલ,જે કે સોની, અતુલભાઈ સોની,અલ્પેશભાઈ સોની,દિનેશભાઈ સોની,ધવલ પ્રજાપતિ, અરુણાબેન કડિયા, અર્ચનાબેન ભટ્ટ, આકાશભાઈ , હંસાબેન પિત્રોડા,ઈલાબેન રાવલ હાજર રહ્યાં.

### વિશ્વ પર્યાવરણ દિવસે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



(ગરવી તાકાત) પાટણ તા.૭

પાંચ જૂન પર્યાવરણ દિવસ નિમિત્તે કુવડ તાલુકો શંખેશ્વર જિ.પાટણ મુકામે પર્યાવરણ વન અને જળવાયુ પરિવર્તન સંવર્ધન પરિષદ પાટણ શ્રી જય ભવાની શંખેશ્વર તાલુકા સેવા સહકારી મંડળી લિમિટેડ શંખેશ્વર ખોડિયાર નેચરલ ફાર્મર પ્રોડ્યુસર લિમિટેડ શંખેશ્વર શ્રી વઢીયાર નિકેતન ટ્રસ્ટ ટુવર્ડ અને સહકાર ભારતીય શંખેશ્વર તાલુકા ના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રથવી જિલ્લા અધ્યક્ષ MOEFCC પાટણ આકાશ સિંધ યુવા અગ્રણી કનુભાઈ પટેલ બાબુભાઈ સિંધવ કનુભાઈ સિંધવ વેલુભા ચૌહાણ વગેરે અગ્રણીઓ હાજર રહ્યાં હતાં.

### ઈડરના બડોલી બસ્ટેન્ડ ઉપરના ખાડાથી વાહન ચાલકોને કામચલાઉ રાહત અપાઈ



(તસ્વીર-અહેવાલ : રાકેશ નાયક,ઈડર)

(ગરવી તાકાત) ઈડર તા.૭

ઈડર ભિલોડા હાઈવે ઉપર નું બડોલી ગામ સૌથી મોટું ગામ છે આ ગામ માં ઈડર થી આવતા જ મસ મોટા ખાડા નું રાજ હતું આ ખાડા ના કારણે લોકો ના જણાવ્યા પ્રમાણે ઘણા બાઈક સવારો પડી ગયા હતા આ ખાડા નો ત્રાસ હતો તેની તંત્ર દ્વારા મોડી મોડી પણ જાગરૂકતા આવતા હાલ કામચલાઉ ખાડા પૂરવા ની કામગીરી ચાલુ કરેલ છે જેના કારણે વાહન ચાલકો ને આ મસ મોટા ખાડા થી રાહત હાલ પૂરતી તો રાહત મલી છે

Volume : 11 Issue : 54 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002